પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૯૫ | ૧૫ જુન, ૨૦૧૯, શનિવાર; જયેષ્ઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આતંકવાદનો ખાતમો કરવા એકજૂટ બનીએ : મોદી

**વડાપ્રધાન મોદીએ શાંઘાઇ સમિટને સંબોધિત કરી આતંક પર પ્રહારો કર્યા : આતંકવાદને ટેકો આપતા રાષ્ટ્રોને અલગ પાડવા જરૂરી : આતંકવાદ પર ચર્ચા માટે ભારત આંતરરાષ્ટ્રીય સંમેલન બોલાવશે : અફઘાનિસ્તાનમાં શાંતિ વધારે જરૂરી છે : પાકિસ્તાની વડાપ્રધાન ઇમરાન ખાન સાથે મોદીએ હાથ પણ ન મિલાવ્યા**



બિશ્કેક,તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે શાંઘાઈ સહકાર સંગઠનની બેઠકમાં છવાયેલા રહ્યા હતા. તમામ દેશો તરફથી દબાણ હોવા છતાં મોદી મક્કમ રહ્યા હતા. પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાનની સાથે મોદીએ હાથ પણ મિલાવ્યા ન હતા. ત્રાસવાદને લઈને નામ લીધા વગર પાકિસ્તાન પર મોદીએ તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે ત્રાસવાદનુ સમર્થન કરનાર દેશોની સામે સભ્ય દેશો હવે એકમત થઇ જાય તે જરૂરી છે. મોદીએ પરોક્ષરીતે પાકિસ્તાન પર તેજાબી પ્રહારો કરતા કહ્યુ હતુ કે ત્રાસવાદને સમર્થન, પ્રોત્સાહન અને આર્થિક મદદ કરનાર દેશોને જવાબદાર ઠેરવીને તેમની સામે કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. એસસીઓ સભ્ય દેશો હવે સાથે આવે તે જરૂરી છે. મોદીએ કહ્યુ હતુ કે ત્રાસવાદના ફંડિગ પર બ્રેક મુકવા માટેનો સમય છે. મોદીએ ટેરપિઝમ ફ્રી સોસાયટીનો નારો આપ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે તેઓ હાલમાં શ્રીલંકા ગયા હતા. ત્યાં પણ ત્રાસવાદના ખતરનાક ચહેરાની અસર હાલમાં જોવા મળી ચુકી છે. મોદીએ કહ્યુ હતુ કે ટુંક સમયમાં રશિયન ભાષામાં પ્રવાસ હેલ્પલાઈનની શરૂઆત કરવામાં આવનાર છે. મોદીએ કહ્યુ હતુ કે તમામ એસસીઓના સભ્ય દેશો માટે ઈ-વીઝાની સુવિધા આપવામાં આવી છે. જુદા જુદા દેશોના વડા સાથે મોદીએ ચર્ચા કરી હતી. જેમાં ચીન અને રશિયાના વડાનો સમાવેશ થાય છે. કિર્ગીસ્તાનના પાટનગર બિસ્કેકમાં એસસીઓ સમિટના ભાગરુપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિંગપિંગ વચ્ચે વાતચીત થઈ હતી. વાતચીતમાં પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો મુદ્દો પણ ઉઠ્યો હતો. બંને નેતાઓ વચ્ચે થયેલી વાતચીતમાં ભારતે પાકિસ્તાનને આતંકવાદ પર કઠોર પગલા

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-પાકના સંબંધો ખુબ ખરાબ થયા છે : ઈમરાન

**મતભેદોને દૂર કરવાની જરૂરી હોવાની દલીલ : આતંકવાદીઓની સામે પાકે હજુ પણ પગલા લીધા નથી**



બિશ્કેક, તા. ૧૪

બિશ્કેકમાં હાલમાં એસસીઓની સમિટમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન પણ પહોંચેલા છે પરંતુ તેમની વચ્ચે એક કાર્યક્રમમાં કોઈ વાતચીત થઈ નહતી. આ પહેલા ઈમરાન ખાને બે વખત પત્ર લખીને વાતચીત કરવા માટે અપીલ કરી હતી પરંતુ વિદેશ મંત્રાલયે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, પાકિસ્તાન સાથે કોઈ વાતચીત કરવામાં આવશે નહીં.

ઈમરાન ખાને બિશ્કેકમાં એક ઈન્ટરવ્યુમાં કબૂલાત કરી છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો હાલના સમયમાં સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઇ રહ્યા છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, નરેન્દ્ર મોદી કાશ્મીર સહિત તમામ મુદ્દા ઉપર મતભેદોને દૂર કરવા માટે પોતાના પ્રચંડ જનાદેશનો ઉપયોગ કરશે. ઈમરાન ખાન અને મોદી હાલમાં બે દિવસીય શાંઘાઈ સહકાર સંગઠનની બેઠકમાં ભાગ લેવા માટે પહોંચેલા છે જેનું આયોજન કિર્ગીસ્તાનના પાટનગર બિશ્કેકમાં કરવામાં આવ્યું છે.

# ફરીથી ખતરો : વાયુ દિશા બદલીને કચ્છમાં પહોંચી શકે

**પોરબંદર અને દ્વારકામાં અસર કરી શકે છે : દિવ, સોમનાથ, જુનાગઢ, દ્વારકાના વિસ્તારને અસર થશે**

અમદાવાદ, તા. ૧૪

ચક્રવાતી તોફાન વાયુ દિશા બદલીને ગુજરાતના કચ્છમાં પહોંચી શકે છે તેવા અહેવાલ મોડી સાંજે જારી કરવામાં આવતા ફરી એકવાર ચિંતા વધી ગઈ છે. જેની અસર ગુજરાતના પોરબંદર અને દ્વારકામાં પણ થશે. આગામી ૪૮ કલાક દરમિયાન તેના પશ્ચિમ તરફ વધવાના સંકેત છે. ત્યારબાદ તે ફરીથી ઉત્તરપૂર્વની દિશામાં આગળ વધી શકે છે. આને લઈને ગુજરાત રાજ્ય વહીવટીતંત્ર પહેલાથી જ એલર્ટ ઉપર છે. ગઈકાલે એવા રાહતના સમાચાર આવ્યા હતા કે, વાયુની અસર સમગ્ર રાજ્ય પર નહીં બલ્કે દરિયાકાંઠાના વિસ્તારોમાં જોવા મળશે. કોઈપણ ઘટનાને રોકવા માટે એનડીઆરએફની ૫૨, એસડીઆરએફની નવ, એસઆરપીની ૧૪ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. રાજ્ય સરકારની સાથે મળીને કેન્દ્ર સરકાર પણ કામ કરી રહીછે. ૨૪ કલાક ખુબ મહત્વપૂર્ણ હોવાની વાત મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરી છે. રૂપાણીએ કહ્યું હતું કે, હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાત ઉપર ખતરો બનીને આવી રહેલા ચક્રવાત હવે ઓમાન તરફ છે પરંતુ હજુ પણ આગામી ૨૪ કલાક મહત્વપૂર્ણ રહી શકે છે. સ્થાનિક વહીવટીતંત્ર અને એનડીઆરએફની ટીમો હાઈએલર્ટ ઉપર રહી શકે છે. પ્રભાવિત ૧૦ જિલ્લાઓની સ્કુલો અને કોલેજો આજે શુક્રવારના દિવસે પણ બંધ રહી હતી. ૮૦થી વધુ ટ્રેનો રદ કરવામાં આવી ચુકી છે. સાત મુખ્ય લાઈનની ટ્રેનો રદ રાખવામાં આવી છે. પાંચ ટ્રેનો નાની અવધિ માટે આંશિકરીતે બંધ કરવામાં આવી છે. વાયુ ગુજરાતના દ્વારકા તરફ વધી રહ્યું છે જેની અસર પોરબંદર અને આસપાસના વિસ્તારોમાં જોવા મળી રહી છે. તોફાનના ખતરાને ધ્યાનમાં લઈને ટ્રેનોને હજુ રદ રાખવામાં આવી છે. ચક્રવાતી તોફાન વાયુના પરિણામ સ્વરુપે જ ગોવામાં મોનસુનની એન્ટ્રીમાં વિલંબની સ્થિતિ છે. દિવ, સોમનાથ, જૂનાગઢ અને દ્વારકાના ક્ષેત્રોને અસર થઈ શકે છે.

## ન્યુઝ ટ્રેક

### અમેરિકી વસ્તુઓ પર વધશે આયાત શુલ્ક

અમેરિકા તરફથી જીએસપી સમાપ્ત કરવામાં આવ્યા બાદ ભારત અમેરિકા ઉત્પાદનો પર જવાબી આયાત શુલ્ક લગાવશે. વિત્ત મંત્રાલયે ૧૬ જૂનથી બદામ, અખરોટ અને દાળ સહિત ૨૯ અમેરિકી ઉત્પાદનો પર આયાત શુલ્ક લગાવવાની મંજૂરી આપશે.

### ઓસ્ટ્રેલીયન કંપની પર સચિને કેસ કર્યો

ટીમ ઈન્ડિયાના પૂર્વ દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકરે ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ બેટ બનાવનારી કંપની વિરૂદ્ધ એક સિવિલ કેસ દાખલ કર્યો છે. જેમાં આરોપ મુકવામાં આવ્યો છે કે ઉત્પાદકોએ તેના ઉત્પાદનોના પ્રચાર માટે તેઓના નામનો અને તસ્વીરનો ઉપયોગ કર્યો છે. જેના માટે તેઓએ રોયલ્ટી આપી નથી. સચિને ૧૪ કરોડ રૂ. રોયલ્ટી પેટે માંગ્યા છે.

# દેશભરમાં તબીબોની હડતાલ

**તબીબોની હડતાળથી દેશના જુદા જુદા ભાગોમાં દર્દીઓ મુશ્કેલીમાં : મુંબઈ, કોલકાતા, નાગપુર, હૈદરાબાદ, વારાણસીમાં પણ અસર : બે જુનિયર તબીબોને નિર્દયરીતે માર મારવાના વિરોધમાં તબીબોની હડતાળ બંગાળમાં ૪૩ તબીબોના રાજીનામા**

નવીદિલ્હી,તા. ૧૪

પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતાના એનઆરએસ મેડિકલ કોલેજમાં બે જુનિયર ડોક્ટરોને જોરદાર અને નિર્દયરીતે માર મારવામાં આવ્યા બાદ દેશના કેટલાક રાજ્યોમાં આજે મોટી સંખ્યામાં તબીબો હડતાળ ઉપર જતા રહ્યા હતા. તબીબોની હડતાળના કારણે દર્દીઓ બેહાલ રહ્યા હતા. દર્દીઓના સગાસંબંધીઓને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. તબીબોની હડતાળથી મુંબઈ, કોલકાતા, નાગપુર, પટણા, હૈદરાબાદ, વારાણસી સહિત અનેક શહેરોમાં તબીબી સેવા ઠપ થઈ ગઈ હતી. ઘટનાના વિરોધમાં બંગાળમાં ૪૩ ડોક્ટરોએ સામૂહિકરીતે રાજીનામા આપી દીધા છે. રાજીનામુ આપનાર તબીબોની સંખ્યા સતત વધી રહી છે. તબીબોની હડતાળ આજે બંગાળમાં ચોથા દિવસે જારી રહી હતી. બીજી બાજુ દેશના અન્ય રાજ્યોમાં પણ તબીબો તેમના સમર્થનમાં આગળ આવ્યા હતા.




૪૩ ડોકટરોએ સામૂહિક રાજીનામા આપી દીધા છે. રાજીનામુ આપી ચુકેલા તબીબોમાં ૪૩ પૈકી ૧૬ આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ કોલકાતાના છે જ્યારે ૨૭ અન્ય ડોકટરો નોર્થ બંગાળ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ દાર્જીલિંગના છે. રાજીનામુ આપનાર તબીબોનું કહેવું છે કે, વર્તમાન સ્થિતિમાં કામ કરવું તેમના માટે મુશ્કેલ બની ગયું છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી પાસેથી માફીની માંગ કરવામાં આવી છે. સાથે સાથે અનેક શરતો પણ મુકી દીધી છે. તબીબોનું કહેવું છે કે, મુખ્યમંત્રીએ જે કહ્યું છે તેને લઈને તેમનો અપેક્ષા ન હતા. સરકારી હોસ્પિટલમાં સુરક્ષા સંબંધિત માંગ પુરી થશે નહીં ત્યાં સુધી હડતાળ જારી રહેશે.

બીજી બાજુ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દેખાવકારો ઉપર પ્રહાર કરતા કહ્યું છે કે, વિપક્ષી ભાજપ અને સીપીએમ દ્વારા ભડકાવવામાં આવ્યા બાદ તબીબો હડતાળ પાડી રહ્યા છે. તબીબોની માંગ છે કે, યોગ્ય સુરક્ષા મળે તે જરૂરી છે. તમામ હોસ્પિટલમાં સશસ્ત્ર પોલીસ દળ તૈનાત કરવામાં આવે તે જરૂરી છે. ઉપરાંત એનઆરએસ હોસ્પિટલમાં શનિવારના દિવસો કરવામાં આવેલા હુમલામાં સામેલ રહેલા અપરાધીઓને બિનજામીનપાત્ર હેઠળ પકડી પાડવાની પણ માંગ કરવામાં આવી છે. દેશના અન્ય રાજ્યોમાં પણ તબીબો હડતાળ ઉપર ઉતરી ગયા છે. ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ જેવા રાજ્યોમાં તબીબો હડતાળ ઉપર ઉતરી ગયા છે. વારાણસીમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ બીએચયુના તબીબો હડતાળ ઉપર છે. મહારાષ્ટ્ર એસોશિએશન રેસિડેન્ટ ડોકટર દ્વારા પણ હડતાળને સમર્થન અપાયું છે. રાજસ્થાનના તબીબો પણ હડતાળમાં આગળ આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરની પાયાની શિક્ષણ સંસ્થાઓ
સેંટ ઝેવિયર્સ અને માઉન્ટ કાર્મેલના સુવર્ણજયંતિ મહોત્સવના મંગલ પ્રારંભે...
હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ...
Ganvesh UNIFORM SPECIALIST
872, Vishwakarma Shopping Centre Sector-21, Gandhinagar-382021
Phone : 232 29075
સતત પચ્ચાસ વર્ષથી અવિરત
સંસ્થાના બાળકોના ગણવેશ માટે સંકળાયેલ એક માત્ર વિશ્વાસપાત્ર એકમ

વોક-ઈન-ઈન્ટરવ્યુ
પેથાપુર, ગાંધીનગર માટે
ઈક્વીટી બ્રાંચ મેનેજર - ૨ પોસ્ટ
ઈક્વીટી ડિલર (ટર્મિનલ ઓપરેટર) - ૨ પોસ્ટ
ઈક્વીટી રિલેશનશિપ મેનેજર - ૩ પોસ્ટ
બેક ઓફિસ એક્ઝીક્યુટિવ- ૨ પોસ્ટ
ફાયનાન્સીયલ સર્વિસીસ ફિલ્ડના ઉમેદવારને પ્રાથમિકતા
રૂબરૂ મળો : સોમ, મંગળ, બુધ : ૧૧ થી ૫
ISO 9001 : 2015 Certified
shah investor's home ltd
SERVICES THAT SECURE SMILES
સરનામું : ૧, પહેલો માળ, શુભ બિઝનેશ પાર્ક, ગાંધીનગર-મહુડી રોડ, પેથાપુર
www.sihl.in • Email: career@sihl.in

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી
આદિત્ય સિલ્વર ઓક ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી
અમદાવાદ
» ગુજરાત સ્માર્ટ હેકાથોનમાં પ્રથમ ક્રમાંક
» મલ્ટીનેશનલ કંપની માં રૂા.10 લાખનું પેકેજ મેળવતા વિદ્યાર્થીઓ.
» વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ ATV કારનો SAE સ્પર્ધામાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક.
» BOYS તથા GIRLS માટે અલદાયી, અધતન હોસ્ટેલ સુવિધા
છેલ્લી 3 બેચનું 70%થી વધુ પ્લેસમેન્ટ
ડિગ્રી કોર્સીસ
» કોમ્પ્યુટર એન્જિનિયરિંગ » ઈન્ફર્મેશન ટેકનોલોજી » એરોનોટીકલ એન્જિનિયરિંગ
» સિવિલ એન્જિનિયરિંગ » મિકેનીકલ એન્જિનિયરિંગ » કેમિકલ એન્જિનિયરિંગ
» ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ
» ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ
ડિપ્લોમા » ઈન્ફર્મેશન ટેકનોલોજી » કેમીકલ એન્જિનિયરિંગ
એડ્મિશન ઓપન
SILVER OAK Education to Innovation
AICTE Approved Affiliated to GTU
Call :9099063464 | 079-66046304
info@socet.edu.in
www.socet.edu.in
facebook.com/socet
સિલ્વર ઓક કોલેજ કેમ્પસ :
ભાવિક પબ્લિકેશન પાસે, ભાગવત વિદ્યાપીઠની સામે, એસ.જી.હાઈવે, ગોતા, અમદાવાદ - 382481

ધોરણ ૧૨ પછી ઓસ્ટ્રેલિયા / ન્યુઝીલેન્ડ જવા માટેનો
યુનીવર્સીટી રીપ્રેઝન્ટેટીવ દ્વારા
ફ્રી સેમીનાર
16-6-2019
Sunday, 10 am to 12 pm.
with High Tea.
રજીસ્ટ્રેશન માટે કોલ કરો
AUPP ABROAD UNIFIED PATHWAY PROGRAM
Career Craaft
Venue
HOTEL PATHIKASHRAM
Gh-3, Sector-11, Nr. ST Depot, ,Gandhinagar
99740 22233 • 78783 35367